Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 8
Name : _____

પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 160
Roll No. : _____

SECTION - A

➠ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 34)

1. ભારતીય સંસ્કૃતિના વિવિધતાના સંગમને કોણે વિવિધતામાં એકતા કહ્યું હતું ?
   A. મહાત્મા ગાંધીજીએ
   B. જવાહરલાલ નેહરુએ
   C. રવીન્દ્રનાથ ટાગોરે
   D. સ્વામી વિવેકાનંદે
2. પ્રાચીન સમયમાં કોના વગર રાજાઓ અને તેમના રાજ્યનેટકી રહેવું મુશ્કેલ હતું?
   A. સમૃદ્ધ ગામડાંઓ B. સમૃદ્ધ નગરશેઠ C. ચોકી-પહેરો D. સંગીન ગટરયોજના
3. ઉત્તર ભારતમાં ગામનો વડો ક્યા નામે ઓળખાતો હતો?
   A. ગ્રામસેવક B. ગ્રામભોજક C. મુખી D. સરપંચ
4. નીચેનામાંથી કઈ કલાનો સમાવેશ નિદર્શન ક્લામાં કરી શકાય?
   A. ચિત્રકલાનો B. સ્થાપત્યકલાનો C. નૃત્યકલાનો D. સંગીતકલાનો
5. બ્રાહ્મણગ્રંથો અને આરણ્યકોની રચના શા માટે કરવામાં આવી હતી ?
   A. વેદોને સમજાવવા માટે
   B. આર્થિક ઉપાર્જન માટે
   C. યજ્ઞો કરવા માટે
   D. શિક્ષણ મેળવવા માટે
6. ભારતના સૌથી પ્રાચીન ધાર્મિક સાહિત્યમાં કોનો સમાવેશ થાય છે?
   A. બ્રાહ્મણગ્રંથોનો B. સ્મૃતિઓનો C. વેદોનો D. આરણ્યકોનો
7. વેદવ્યાસરચિત 'મહાભારત' પ્રારંભમાં ક્યા નામે ઓળખાતું હતું?
   A. વૈદિક મહાભારત B. કુરુસંહિતા C. વ્યાસસંહિતા D. જય સંહિતા
8. ભારતીય ચિંતનના મહામૂલા ગ્રંથો કોને ગણવામાં આવે છે?
   A. વેદોને B. ઉપનિષદોને C. બ્રાહ્મણગ્રંથોને D. જૈનગ્રંથોને
9. નીચેનામાંથી કયા ગ્રંથનો સમાવેશ બૌદ્ધગ્રંથોમાં થતો નથી ?
   A. 'દ્વયાશ્રય'
   B. 'વૈતાલિક દશાવૈતાલિક સૂત્ર' '
   C. 'અંગુત્તરનિકાય'
   D. વાસુદેવહિંડી'
10. બૌદ્ધધર્મના મૂળ ગ્રંથને શું કહેવામાં આવે છે?
    A. આગમગ્રંથો B. કાયદાગ્રંથો C. ત્રિપિટક D. ઈસપની કથાઓ
11. 'મિલિન્દ પાન્હો' નામના બૌદ્ધગ્રંથની રચના કોણે કરી હતી ?
    A. બાણભટ્ટે B. અશ્વઘોષે C. નાગસેને D. વાગભટ્ટે
12. જૈનગ્રંથો ક્યા નામે ઓળખાય છે?
    A. જાતકકથાઓના B. આગમગ્રંથોના C. સંગમ સાહિત્યના D. બોધ કથાઓના
13. નીચેનામાંથી કયા મહાકાવ્યનો સંગમ સાહિત્યમાં સમાવેશ થાય છે ?
    A. 'કિરાતાર્જુનીયમ'નો
    B. 'સ્વપ્નવાસવદત્તમ'નો
    C. 'મૃચ્છકટિકમ્'નો
    D. 'મણિમેખલાઈ'નો

BHAVDIP VADHER

14. ઉદયગિરિની ચંદ્રગુપ્ત બીજાની પ્રશસ્તિના કવિ કોણ હતા?
A. કવિ હરિષેણ B. કવિ ભાલણ C. કવિ વીરસેન સાબા D. કવિ કાલિદાસ

15. ચીનથી કેટલાક લોકો રેશમી કાપડ સાથે જે માર્ગે મુસાફરી કરતા હતા તે માર્ગ કયા નામથી ઓળખાતો ?
A. પાલઘાટ B. રેશમ માર્ગ C. નાથુલા માર્ગ D. પશ્ચિમ માર્ગ

16. કયા વિશ્વવિખ્યાત ચિત્રને ભારતીય સંસ્કૃતિનું ઘરેણું માનવામાં આવે છે ?
A. પદ્મપાણિના B. નટરાજના C. બુદ્ધની સાધનાના D. રાસલીલાના

17. કયું શિવમંદિર એક જ શિલામાંથી કોતરવામાં આવેલું છે ?
A. પદ્મનાભનું B. કૈલાસનું C. ઈલોરાનું D. સોમનાથનું

18. ગ્રીક અને ભારતીય કલાશૈલીના સંગમથી ભારતમાં કઈ કલાશૈલી વિકાસ પામી હતી ?
A. મથુરાકલા B. ગાંધારકલા C. માગધીકલા D. ગ્રીકકલા

19. સાંચીના સ્તૂપ ફરતે કાષ્ઠનિર્માણ કરવાનું કામ કયા રાજાઓએ કર્યું હતું ?
A. ગુપ્તવંશના રાજાઓએ B. મૌર્યવંશના રાજાઓએ C. શૃંગવંશના રાજાઓએ D. વર્ધનવંશના રાજાઓએ

20. કનિષ્કે બનાવેલા પેશાવરના સ્તૂપને શું કહેવામાં આવે છે?
A. 'બૌદ્ધસ્તૂપ' B. 'કનિષ્કસ્તૂપ', C. 'શાહજી કી ડેરી' D. 'બુદ્ધ કી ડેરી'

21. વિશ્વવિખ્યાત ગોમતેશ્વરની જૈન મુર્તિ ક્યાં આવેલી છે ?
A. શ્રવણ બેલગોડામાં B. પાવાપુરીમાં C. પાલિતાણામાં D. રાણકપુરમાં

22. ગાંધારક્ષેત્રમાં કયું મહાન શૈક્ષણિક તીર્થસ્થાન વિકાસ પામ્યું હતું ?
A. નાલંદા B. વલભી C. વિક્રમશિલા D. તક્ષશિલા

23. પારાની ભસ્મ બનાવીને તેને ઔષધિ તરીકે વાપરવાની ભલામણ કોણે કરી હતી ?
A. આચાર્ય નાગાર્જુને B. વરાહમિહિરે C. પાણિનિએ D. વાગ્ભટ્ટે

24. કઈ વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીને પરીક્ષા આપવી પડતી હતી ?
A. નાલંદા વિદ્યાપીઠમાં
B. વલભી વિદ્યાપીઠમાં.
C. તક્ષશિલા વિદ્યાપીઠમાં
D. વિક્રમશિલા વિદ્યાપીઠમાં

25. બંગાળામાં કઈ વિદ્યાપીઠ આવેલી હતી ?
A. નાલંદા B. તક્ષશિલા C. વલભી D. વિક્રમશિલા

26. પંચમાર્ક કોઈન' કયા સમયના સિકકા છે?
A. ઈ. સ. પૂર્વે ત્રીજી સદીના
B. ઈ. સ. પૂર્વે ચોથી સદીના
C. ઈ. સ. પૂર્વે પાંચમી સદીના
D. ઈ. સ. પાંચમી સદીના

27. સૌથી શ્રેષ્ઠ સિક્કા ક્યા સમયના જોવા મળે છે?
A. કુષાણ B. મૌર્ય C. નંદ D. ગુપ્ત

28. ભારતનો ક્યો વારસો સમગ્ર વિશ્વામાં અદ્વિતીય છે ?
A. સામાજિક B. સાંસ્કૃતિક C. પ્રાકૃતિક D. વૈચારિક

29. 'આર્યમંજીશી શ્રીમૂળકલ્પ ક્યા ધર્મનો મૂળ ગ્રંથ છે ?
A. બોદ્ધધર્મનો B. જૈનધર્મનો C. હિંદુધર્મનો D. પારસીધર્મનો

30. નીચેનામાંથી કયો ગ્રંથ આરણ્યક ગ્રંથ છે ?
A. વાયુપુરાણ B. બૃહદારણ્યક C. દ્વયાશ્રય D. જય સંહિતા

31. મૃચ્છકટિકમ્' નાટકના રચયિતા કોણ છે ?
A. કાલિદાસ B. શુદ્રક C. ભાસ D. ભારવિ

32. પાકિસ્તાનનું પેશાવર પ્રાચીન સમયમાં કયા નામથી ઓળખાતું હતું?
A. પેશવાનગર B. પેશાપુર C. પુરુષપુર D. પેશવગઢ

BHAVDIP VADHER

33. કાંસું બનાવવાના જાણકાર હોવાના કારણે કઈ સભ્યતા કાંસ્ય સભ્યતા તરીકે ઓળખાતી?
A. મિસરની સભ્યતા B. હડપ્પા સભ્યતા C. ઇજિપ્તની સભ્યતા D. ચીનની સભ્યતા

34. હિંદુધર્મનો સૌપ્રથમ કાયદાગ્રંથ કોને ગણવામાં આવે છે?
A. મનુસ્મૃતિને
B. અર્થશાસ્ત્રને
C. ભારતના બંધારણને
D. શ્રીમદ્ભગવદ્ગીતાને

➽ ખાલી જગ્યા પૂરો **(Marks - 25)**

35. નિદર્શન કલામાં .....અને .....નો સમાવેશ થાય છે.
36. દક્ષિણ ભારતનું વિશિષ્ટ સાહિત્ય .....છે.
37. ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં ..... ગ્રીક એલચી હતો.
38. મધ્ય પ્રદેશમાં .....સ્થળેથી પાષાણયુગનાં ચિત્રો મળી આવેલ છે.
39. ઈ. સ. પૂર્વે પાંચમી સદીના સિક્કાને .....તરીકે ઓળખવામાં આવે છે.
40. આશરે 2500 વર્ષ પહેલાં મોટા ભાગનાં શહેરો મહાજનપદોની ..... શહેરો મહતાં.
41. મહાજનપદ સમયમાં કૂવા તરીકે ઓળખાતા '.....'મળી આવ્યા છે .
42. વેદોને સમજાવવા માટે બ્રાહ્મણગ્રંથો અને ..... ની રચના કરવામાં આવી હતી.
43. .....અને ..... આ બે મહાકાવ્યો પ્રાચીન ભારતીય સમાજ, સંસ્કૃતિ અને ધર્મનો ત્રિવેણી સંગમ છે.
44. રામાયણની રચના ..... એ કરેલ છે.
45. ઉપનિષદોની સંખ્યા .....છે.
46. પુરાણોની સંખ્યા ..... છે.
47. જૈનધર્મના આગમગ્રંથોની સંખ્યા ..... છે.
48. દક્ષિણ ભારતના વિશિષ્ટ સાહિત્યને ..... સાહિત્ય કહેવામાં આવે છે.
49. પાણિનિરચિત ..... સંસ્કૃત ભાષાનો સર્વશ્રેષ્ઠ વ્યાકરણ ગ્રંથ છે.
50. વીરસેન સાબાએ .....ની પ્રશસ્તિ લખી હતી.
51. ગ્રીક નાવિક .....એ ભૂગોળ વિશે લખેલા ગ્રંથમાંથી ભારતનાં બંદરો વિશે માહિતી મળે છે.
52. ભારતમાં ..... નાં મળી આવેલા ચિત્રોને સૌથી જૂનાં ચિત્રો ગણવામાં આવે છે.
53. બુદ્ધની જાતકકથાઓ અને સાધનાને ..... ની ગુફાઓનાં ચિત્રોમાં વ્યક્ત કરવામાં આવેલ છે.
54. પ્રાચીન ભારતની ..... કલાશૈલીમાં હિન્દુ દેવી-દેવતાઓની મૂર્તિઓ બનેલી હતી.
55. ગૌતમ બુદ્ધના નિર્વાણ બાદ તેમના જીવનની યાદગીરી રૂપે .....નું નિર્માણ શરૂ થયું હતું.
56. ગુજરાતમાં છઠ્ઠી-સાતમી સદીમાં .....માં મહાન વિદ્યાપીઠ આવેલી હતી.
57. .....વિદ્યાપીઠ બિહારમાં આવેલી હતી.
58. સૌથી શ્રેષ્ઠ સિક્કા .....સમયના જોવા મળે છે.
59. ગુપ્ત સમયના સિક્કાઓ મુખ્યત્વે .....ની ધાતુમાંથી બનાવેલા હતા.

➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો **(Marks - 21)**

60. ઉપનિષદોમાં માંડુક્ય, મત્સ્ય અને કંડક ઉપનિષદોનો સમાવેશ થાય છે.
61. ગ્રીક નાવિક ટોલેમીએ લખેલા 'ઇન્ડિકા' નામના ગ્રંથમાંથી ભારતનાં બંદરો વિશેની માહિતી મળે છે.
62. ઈલોરાની ગુફામાં મળી આવેલા બુધ્ધની જાતકકથાઓનાં ચિત્રો જગવિખ્યાત છે.
63. ગાંધારશૈલીમાં ગ્રીક અને ભારતીય મૂર્તિકલાનો સંગમ જોવા મળતો હતો.
64. પ્રાચીન ભારતમાં ગાંધાર પ્રદેશમાં આવેલ નાલંદા વિદ્યાપીઠ જગવિખ્યાત હતી.
65. પ્રાચીન સમયમાં ગામનો સૌથી વૃદ્ધ માણસ ગામનો વડો બનતો હતો.

BHAVDIP VADHER

66. મહાભારત અને રામાયણને ઉપનિષદો કહેવામાં આવે છે,
67. વિષ્ણુપુરાણ , ગુરુ પુરાણ અને મત્સ્યપુરાણ આપણાં મહાકાવ્યો છે .
68. તિબ્બત ભાષામાં બૌદ્ધધર્મની બે સંહિતા પ્રસિદ્ધ છે.
69. નારદસ્મૃતિનો સમાવેશ કાયદાગ્રંથમાં થાય છે.
70. ઉત્તર ભારતના એક વિશિષ્ટ સાહિત્યને 'સંગમ સાહિત્ય' કહેવામાં આવે છે.
71. મહાકવિ ભાસે સંસ્કૃત ભાષાનો સર્વશ્રેષ્ઠ વ્યાકરણ ગ્રંથ લખ્યો હતો.
72. લોથલના લોકો માટીકામના વિવિધ ઘાટનાં વાસણો અને વિવિધ પ્રકારના દરદાગીના બનાવતા હતા .
73. પ્રાચીન સમયમાં ભારતથી સ્થળ માર્ગે મધ્ય એશિયા થઈને યુરોપ સુધી સુતરાઉ કાપડ, રેશમી કાપડ અને મસાલાની નિકાસ થતી.
74. પ્રાચીન સમયમાં અફઘાનિસ્તાન અને ભારત વચ્ચેનો રસ્તો રેશમ માર્ગ તરીકે ઓળખાતો હતો.
75. સ્તૂપ એટલે બૌદ્ધધર્મનાં મંદિરોનું પ્રવેશદ્વાર .
76. પ્રાચીન સમયમાં ફાહિયાને ગુજરાતની મુલાકાત લીધી હતી.
77. ગાંધારકલા સંપૂર્ણપણે ભારતીય કલાશૈલી છે.
78. બોદ્ધ અને જૈન સાધુઓને રહેવા માટે પર્વતો કોતરીને ગુફાઓ બનાવવામાં આવતી.
79. નાગાર્જુન વિક્રમશીલા વિદ્યાપીઠના મહાન આચાર્ય હતા.
80. ભારતનો ઇતિહાસ જાણવાનું એક અગત્યનું સાધન અને સમૃદ્ધિનું પ્રતીક સિક્કો છે.

➽ જોડકા જોડો **(Marks - 9)**

81. બંધબેસતાં જોડકાં જોડો :

1.	તક્ષશિલા	(1) ગુજરાત
2.	નાલંદા	(2) ગાંધારક્ષેત્ર
3.	વિક્રમશિલા	(3) બિહાર
4.	વલભી	(4) બંગાળા

82. બંધબેસતાં જોડકાં જોડો :

1.	મહાભારત	(1) વ્યાકરણ ગ્રંથ
2.	ત્રિપિટક	(2) જય સંહિતા
3.	અષ્ટાધ્યાયી	(3) બૌદ્ધગ્રંથ
4.	મણિમેખલાઈ	(4) આગમગ્રંથ

83. બંધબેસતાં જોડકાં જોડો :

1.	મૅગેસ્થનિસ	(1) તક્ષશિલાની મુલાકાત લેનાર
2.	ફાહિયાન	(2) ગ્રીક એલચી
3.	યુએન શવાંગ	(3) ગ્રીક નાવિક
4.	ટોલેમી	(4) ચંદ્રગુપ્ત દ્વિતીયના સમયમાં આવનાર

SECTION - B

➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો **(Marks - 37)**

84. તક્ષશિલામાં કયા કયા વિષયોનું શિક્ષણ આપવામાં આવતું હતું ?
85. ગુપ્તવંશના કયા કયા રાજવીઓના સિક્કાઓ મળી આવ્યા છે ?
86. જવાહરલાલ નેહરુએ ભારતીય સંસ્કૃતિના વિવિધતાના સંગમને શું કહ્યું હતું?
87. પ્રાચીન સમયમાં ભારતમાં કયા કયા પાકોની ખેતી થતી હતી? .
88. પ્રાચીન સમયમાં લોકો લોખંડનાં ક્યાં ક્યાં સાધનોનો ઉપયોગ કરતાં હતાં?

BHAVDIP VADHER

89. પ્રાચીન સમયમાં સિંચાઈની વ્યવસ્થા કેવી હતી?
90. પ્રાચીન સમયમાં ગ્રામમોજક(ગામનો વડો)ની પસંદગી કેવી રીતે થતી હતી?
91. પ્રાચીન ભારતના લોકોનો ખોરાક શો હતો?
92. પ્રાચીન સમયનાં સ્ત્રી-પુરુષોનો પોશાક કેવો હતો ?
93. પ્રાચીન ભારતમાં કલાને કેટલા ભાગમાં વહેંચવામાં આવી હતી? ક્યા કયા?
94. લલિત કલામાં કઈ કઈ કલાનો સમાવેશ થાય છે?
95. ભારતીય સાહિત્યને કેટલા ભાગમાં વહેંચવામાં આવ્યું છે ? ક્યા કયા?
96. વેદોને સમજાવવા માટે કયા ગ્રંથોની રચના કરવામાં આવી હતી ?
97. કયાં બે મહાકાવ્યો ભારતીય સંસ્કૃતિ, સમાજ અને ધર્મનો ત્રિવેણી સંગમ છે ?
98. ઉપનિષદોને કેવા ગ્રંથો કહેવામાં આવે છે? કોઈ પણ ત્રણ ઉપનિષદોનાં નામ જણાવો.
99. કયા કયા ગ્રંથોનો ભારતનાં પુરાણોમાં સમાવેશ થાય છે ?
100. તિબ્બત ભાષામાં બૌદ્ધધર્મની કેટલી અને કઈ કઈ સંહિતા મળેલ છે ?
101. બૌદ્ધધર્મના મૂળ ગ્રંથો શું કહેવાય છે? તેના પ્રકારો કયા કયા છે?
102. જૈનધર્મના મુખ્ય ગ્રંથો કયા કયા છે?
103. સ્મૃતિગ્રંથોને કેવા ગ્રંથો કહેવામાં આવે છે? ઉદાહરણ સહિત જણાવો.
104. પ્રાચીન ભારતના સંસ્કૃત સાહિત્યકારોમાં કોનો કોનો સમાવેશ થાય છે?
105. જૈનધર્મનું પ્રાચીન સાહિત્ય કેટલાં પર્વ અને અંગમાં વહેંચાયેલું છે?
106. સંસ્કૃત સાહિત્યનાં જાણીતાં મહાકાવ્યો અને નાટકોનાં નામ જણાવો.
107. પ્રાચીન સમયનાં ભારતીય બંદરોની માહિતી ક્યાંથી મળે છે ?
108. સંગમ સાહિત્ય કોને કહેવામાં આવે છે ? શા માટે ?
109. હડપ્પા સભ્યતામાં કેવા મણકાઓનો વેપાર થતો હતો ?
110. પ્રાચીન સમયમાં ભારતમાં કઈ કઈ વસ્તુઓની આયાત-નિકાસ થતી હતી ?
111. પ્રાચીન સમયમાં કયો માર્ગ રેશમ માર્ગ તરીકે જાણીતો બન્યો હતો ? શા માટે ?
112. પ્રાચીન સમયમાં દક્ષિણ ભારતનાં બંદરો કઈ વસ્તુઓની નિકાસનાં મુખ્ય કેન્દ્રો હતાં ?
113. પ્રાચીન સમયનાં ગુફાચિત્રો કઈ કઈ જગ્યાએથી મળી આવ્યા છે ?
114. હડપ્પા સભ્યતાના નગરમાયોજનની વિશિષ્ટતાઓ કઈ કઈ હતી?
115. ગુફા સ્થાપત્યોમાં ક્યાં કયાં સ્થાપત્યોનો સમાવેશ થાય છે?
116. પ્રાચીન ભારતની મુર્તિકલાની શૈલીઓ કેટલી અને કઈ કઈ હતી ?
117. બૌદ્ધધર્મના જાણીતા સ્તૂપો ક્યા ક્યા છે ?
118. પ્રાચીન સમયમાં ભારતમાં શિક્ષણ આપતી વિદ્યાપીઠોનાં નામ જણાવો.
119. તક્ષશિલા વિદ્યાપીઠના મહાન દાર્શનિકો અને શાસકોનાં નામ જણાવો.
120. નાગાર્જુન કોણ હતા? તેમણે કઈ ભલામણ કરી હતી ?

SECTION - C

➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો (Marks - 34)

121. વૈદિક સાહિત્ય વિશે ટૂંકમાં જણાવો.
122. પ્રાચીન ભારતમાં ક્યા ક્યા વિદેશી મુસાફરો / પ્રવાસીઓ આવ્યા હતા?
123. સ્તુપ અને ચૈત્યનો અર્થ જણાવો.
124. પ્રાચીન ભારતની કલા વિશે જણાવો.
125. બૌદ્ધધર્મ અને જૈનધર્મના મહાન ગ્રંથો જણાવો.

BHAVDIP VADHER

126. પ્રાચીન ભારતની ચિત્રકલા વિશે જણાવો.

127. નીચે આપેલા ગ્રંથોને જૈન, બૌદ્ધ અને સંગમ સાહિત્યમાં વર્ગીકરણ કરો : (1) ત્રિપિટક (2) દિધનિકાય (3) આચારસંગ (4) આગમો (5) મિલિન્દ પાહો (6) વૈતાલિક દશાવૈતાલિક સૂત્ર (7) શિલપ્પદિકારમ્ (8) અંગુત્તરનિકાય (9) મણિમેખલાઈ

128. નીચે આપેલા ગ્રંથોને પુરાણો, ઉપનિષદો અને સ્મૃતિઓમાં વર્ગીકરણ કરો : (1) વાયુ પુરાણ (2) માંડુક્ય (3) ઈશાવાસ્યમ્ (4) મત્સ્યપુરાણ (5) મનુસ્મૃતિ (6) યાજ્ઞવલક્ય સ્મૃતિ (7) કઠ (8) મુંડક (9) વિષ્ણુપુરાણ (10) નારદસ્મૃતિ

129. પ્રાચીન સમયના વેપાર અને નવા માર્ગો વિશે જણાવો.

130. ટૂંક નોંધ લખો : ધર્મેતર સાહિત્ય

131. ટૂંક નોંધ લખો : પ્રાચીન ભારતનાં સ્થાપત્યો

132. ટૂંક નોંધ લખો : પ્રાચીન ભારતની ખેતી

133. ટૂંક નોંધ લખો : ગ્રામીણ અને નગરજીવન

134. પ્રાચીન સમયના ધાર્મિક સાહિત્યનો પરિચય આપો.

135. ગુજરાતના શિક્ષણધામ વલભીનો પરિચય આપો.

136. ટૂંક નોંધ લખો : પ્રાચીન ધાર્મિક સાહિત્ય

137. ટૂંક નોંધ લખો : વલભી વિદ્યાપીઠ

Best Of Luck

BHAVDIP VADHER

Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 8

ANSWERS

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 160

SECTION - A

➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 34)

1. જવાહરલાલ નેહરુએ
2. સમૃદ્ધ ગામડાંઓ
3. ગ્રામભોજક
4. નૃત્યકલાનો
5. વેદોને સમજાવવા માટે
6. વેદોનો
7. જય સંહિતા
8. ઉપનિષદોને
9. 'વૈતાલિક દશાવૈતાલિક સૂત્ર' '
10. ત્રિપિટક
11. નાગસેને
12. આગમગ્રંથોના
13. 'મણિમેખલાઈ'નો
14. કવિ વીરસેન સાબા
15. રેશમ માર્ગ
16. પદ્મપાણિના
17. ઈલોરાનું
18. ગાંધારકલા
19. શૃંગવંશના રાજાઓએ
20. 'શાહજી કી ડેરી'
21. શ્રવણ બેલગોડામાં
22. તક્ષશિલા
23. આચાર્ય નાગાર્જુને
24. વલભી વિદ્યાપીઠમાં.
25. વિક્રમશિલા
26. ઈ. સ. પૂર્વે પાંચમી સદીના
27. ગુપ્ત
28. સાંસ્કૃતિક
29. બોદ્ધધર્મનો
30. બૃહદારણ્યક
31. શુદ્રક
32. પુરુષપુર
33. હડપ્પા સભ્યતા

BHAVDIP VADHER

34. મનુસ્મૃતિને

➽ ખાલી જગ્યા પૂરો (Marks - 25)

35. નૃત્ય, નાટક
36. સંગમ સાહિત્ય
37. મેગેસ્થનિસ
38. ભીમબેટકા
39. પંચમાર્ક કોઈન
40. રાજધાની
41. વલયકૂપ
42. આરણ્યકો
43. રામાયણ, મહાભારત
44. વાલ્મીકિ
45. 108
46. 18
47. 12
48. સંગમ
49. અષ્ટાધ્યાયી
50. ચંદ્રગુપ્ત દ્વિતીય
51. ટોલેમી
52. પાષાણયુગ
53. અજંતા-ઈલોરા
54. મથુરા
55. સ્તૂપો
56. વલભી
57. નાલંદા
58. ગુપ્ત
59. સોના

➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો (Marks - 21)

60. ખરું (True)
61. ખોટું (False)
62. ખરું (True)
63. ખરું (True)
64. ખોટું (False)
65. ખોટું (False)
66. ખોટું (False)
67. ખોટું (False)
68. ખરું (True)
69. ખરું (True)
70. ખોટું (False)

BHAVDIP VADHER

71. ખોટું (False)

72. ખોટું (False)

73. ખરું (True)

74. ખોટું (False)

75. ખોટું (False)

76. ખોટું (False)

77. ખોટું (False)

78. ખરું (True)

79. ખોટું (False)

80. ખરું (True)

➽ જોડકા જોડો **(Marks - 9)**

81. (1 - 2), (2 - 3), (3 - 4), (4 - 1).

82. (1 -2), (2 - 3), (3 -1), (4 -5).

83. (1 - 2), (2 - 4), (3 – 5), (4 - 3).

SECTION - B

➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો **(Marks - 37)**

84. તક્ષશિલામાં નીતિશાસ્ત્ર, સંસ્કૃત વ્યાકરણ , ખગોળ અને જ્યોતિષ, હિંદુધર્મ અને દર્શન વગેરે વિષયોનું શિક્ષણ આપવામાં આવતું હતું.

85. ગુપ્તવંશના સમુદ્રગુપ્ત, ચંદ્રગુપ્ત પ્રથમ અને ચંદ્રગુપ્ત દ્વિતીય રાજવીઓના સિક્કાઓ મળી આવ્યા છે.

86. જવાહરલાલ નેહરુંએ ભારતીય સંસ્કૃતિના વિવિધતાના સંગમને વિવિધતામાં એકતા કહ્યું હતું.

87. પ્રાચીન સમયમાં ભારતમાં ઘઉં, જવ, ડાંગર ,જુવાર,બાજરી, તલ, વટાણા વગેરે પાકોની ખેતી થતી જતી,

88. પ્રાચીન સમયમાં લોકો લોખંડની કુહાડીઓ, દાતરડું અને હળનાં ફણા જેવાં સાધનોનો ઉપયોગ કરતાં હતાં.

89. પ્રાચીન સમયમાં સિંચાઈની નહેરો, કૂવા, તળાવો તથા કૃત્રિમ જળાશયો જેવી વ્યવસ્થા હતી.

90. પ્રાચીન સમયમાં ભારતના ઉત્તર ભાગમાં ગ્રામભોજક-(ગામનો વડો)ની પસંદગી મોટા ભાગે ગામના સૌથી મોટા જમીનદારની કરવામાં આવતી હતી.

91. પ્રાચીન ભારતના લોકોનો ખોરાક મુખ્યત્વે ઘઉં, જવ,ચોખા, દૂધ, દહીં, ઘી, ફળફળાદિ, માંસ-માછલી વગેરે હતો.

92. પ્રાચીન સમયનાં સ્ત્રી-પુરુષે બે વસ્ત્રો પહેરતાં હતાં.શરીરના ઉપરના ભાગના વસ્ત્રને 'વાસ' અને નીચેના ભાગના વસ્ત્રને 'નિવિ' કહેવામાં આવતું. ક્યારેક શરીર ઉપર દુપટ્ટા જેવું વસ્ત્ર અધિવાસ' પણ લપેટના હતા.

93. પ્રાચીન ભારતમાં લાને બે ભાગમાં વહેંચવામાં આવી હતી : (1) લલિત કલા અને (2) નિદર્શન કલા.

94. લલિત કલામાં ચિત્ર, સાહિત્ય, સ્થાપત્ય, સંગીત, માટી કલા વગેરેનો સમાવેશ થાય છે.

95. ભારતીય સાહિત્યને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યું છે : (1) ધાર્મિક, (2) ધર્મેતર અને (3) યાત્રીઓનાં વર્ણનો.

96. વેદોને સમજાવવા માટે બ્રાહ્મણગ્રંથો અને આરણ્યકોની રચના કરવામાં આવી હતી.

97. રામાયણ અને મહાભારત આ બંને મહાકાવ્યો ભારતીય સંસ્કૃતિ, સમાજ અને ધર્મનો ત્રિવેણી સંગમ છે.

98. ઉપનિષદોને ભારતના તત્વજ્ઞાનના ચિંતનના મહાન ગ્રંથો કહેવામાં આવે છે, ત્રણ ઉપનિષદોનાં નામ આ પ્રમાણે છે : કઠ, કેન અને પ્રશ્ન.

99. વિષ્ણુપુરાણ, ગરુડપુરાણ, વાયુપુરાણ અને મત્સ્યપુરાણનો ભારતના પુરાણોમાં સમાવેશ થાય છે.

100. તિબ્બત ભાષામાં બૌદ્ધધર્મની 'કઝાર' અને 'તંઝર' નામની બે સંહિતા મળેલ છે.

101. બૌદ્ધધર્મના મૂળ ગ્રંથો 'ત્રિપિટક' કહેવાય છે. તેના ત્રણ પ્રકારો આ છે : (1) સૂર(સૂત્ર)પિટક, (2) વિનયપિટક અને (3) અભિધમ્મપિટક.

102. જૈન ધર્મના મુખ્ય ગ્રંથો આ છે : (1) આગમો, (2) આચાર- અંગ અને (3) વૈતાલિક દશાવૈતાલિક સૂત્ર છે.

BHAVDIP VADHER

103. સ્મૃતિગ્રંથો એ ધર્મેતર સાહિત્ય છે, જેને ભારતના કાયદાગ્રંથો કહેવામાં આવે છે. મનુસ્મૃતિ, યાજ્ઞવક્ય સ્મૃતિ અને નારદસ્મૃતિ તેનાં ઉદાહરણો છે.

104. પ્રાચીન ભારતના સંસ્કૃત સાહિત્યકારોમાં મહાકવિ કલિદાસ, મહાકવિ ભાસ, શુદ્રક, ભારવિ વગેરેનો સમાવેશ થાય છે.

105. જૈનધર્મનું પ્રાચીન સાહિત્ય 14 પર્વ અને 12 અંગમાં વહેચાયેલું છે.

106. સંસ્કૃત સાહિત્યનાં જાણીતાં મહાકાવ્યો અને નાટકો રઘુવંશ અભિજ્ઞાન શાકુંતલમ સ્વપ્નવાસવદત્તમ , મૃછકટિકમ્ વગેરે છે.

107. પ્રાચીન સમયનાં ભારતીય બંદરોની માહિતી ગ્રીક નાવિક ટોલેમીએ ભૂગોળ વિશે લખેલા ગ્રંથમાંથી મળે છે.

108. દક્ષિણ ભારતના વિશિષ્ટ સાહિત્યને "સંગમ સાહિત્ય કહેવામાં આવે છે. તેની રચના. ઈ. સ.ની પ્રથમ ત્રણ સદીઓ માં 1600 જેટલા લોકકવિઓએ કરી હોવાથી તેને સંગમ સાહિત્ય કહેવામાં આવે છે .

109. હડપ્પા સભ્યતામાં સેલખડી., છીપ અને હાથીદાંતમાંથી બનાવેલ મણકાઓનો વેપાર થતો હતો.

110. પ્રાચીન સમયમાં ભારતમાંથી સુતરાઉ કાપડ, રેશમી કાપડ, મસાલા, તેજાના, ઇમારતી લાકડાં વગેરેની નિકાસ થતી હતી; "જ્યારે સોનું, ચાંદી અને અન્ય વસ્તુઓની આયાત થતી હતી.'

111. પ્રાચીન સમયમાં ચીનના લોકો ભારત સાથે વેપાર કરવો પગપાળા કે ઘોડા પર જે માર્ગે મુસાફરી કરતા હતા તે માર્ગ રેશમ માર્ગ' (Silk route) તરીકે જાણીતો બન્યો હતો,કારણ કે તેઓ તેમની સાથે રેશમી કાપડ પણ લઈ જતા હતા.

112. પ્રાચીન સમયમાં દક્ષિણ ભારતનાં બંદરો કાળાં મરી અને અન્ય તેજાનાની નિકાસનાં મુખ્ય કેન્દ્રો હતાં છે .

113. પ્રાચીન સમયનાં ગુફાચિત્રો મધ્ય પ્રદેશમાં ભીમબેટકાની, મહારાસ્ટ્ર માં અજંતા-ઈલોરાની, અમરાવતીની અને બાઘની ગુફાઓમાંથી મળી આવ્યાં છે.

114. આયોજનબદ્ધ નગરરચના અને મકાનવ્યવસ્થા,સ્નાનાગાર, અનાજના કોઠાર, જાહેર રસ્તાઓ, ગટર વ્યવસ્થા અને વરસાદી પાણીના સંગ્રહની વ્યવસ્થા વગેરે હડપ્પા સભ્યતાના નગરઆયોજનની વિશિષ્ટતાનો હતી.

115. ગુફા સ્થાપત્યોમાં બારાબારની પહાડીઓ, નાસિકનાં ગુફા-શિલ્પો, અજંતા-ઈલોરા અને અમરાવતીનાં ગુફા-શિલ્પો વગેરેનો સમાવેશ થાય છે.

116. પ્રાચીન ભારતની મૂર્તિકલાની બે શૈલીઓ હતી : (1) ગાંધાર કલાશૈલીઅને (2) મથુરા કલાશૈલી

117. બૌદ્ધધર્મના ઘણીતા સ્તૂપો : (1) સાંચીનો સ્તૂપ,(2) લુમ્બિનીનો સ્તુપ અને (3) સારનાથનો સ્તૂપ.

118. પ્રાચીન સમયમાં ભારતમાં શિક્ષણ આપતી આ પાંચ વિદ્યાપીઠો ખેતી (1) તક્ષશિલા, (2) નાલંદા, (3) વલભી,(4) વિકમશિલા અને (5) ઓદન્તપુરી.

119. તક્ષશિલા વિદ્યાપીઠના મહાન દાર્શનિકો અને શાસકોનાં નામ પાણિનિ, ચાણક્ય, ચંદ્રગુપ્ત, જીવક વગેરે છે.

120. નાગાર્જુન નાલંદા વિદ્યાપીઠના આચાર્ય અને પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી હતા. તેમણે પારાની ભસ્મ બનાવીને તેને ઔષધિ તરીકે વાપરવાની ભલામણ કરી હતી.

SECTION - C

➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો **(Marks - 34)**

121. વૈદિક સાહિત્યની શરૂઆત વેદકાળમાં વેદોની રચનાથી થઈ હતી. વેદો ચારે છે : સર્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ વેદોને સમજવા માટે બ્રાહ્મણ ગ્રંથો અને આરણ્યકોની રચના કરવામાં આવી. તેમાં શતપથ બ્રાહ્મણ, ગોપથ બ્રાહ્મણ અને બૃહદારણ્ય સૌથી મહત્વના ગ્રંથો છે. આ ઉપરાંત, ઉપનિષદો, પુરાણો, સ્મૃતિઓ વગેરેનો સમાવેશ વૈદિક સાહિત્યમાં થાય છે.

122. પ્રાચીન ભારતમાં ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં ગ્રીક પ્રવાસી મેગેનિસ, ચંદ્રગુપ્ત દ્વિતીયના સમયમાં ચીની પ્રવાસી ફાહિયાનું, હર્ષવર્ધનના સમયમાં ચીની પ્રવાસી યુએન વાંગ અને ગ્રીક નાવિક ટોલેમી વગેરે વિદેશી મુસાફરો પ્રવાસીઓ આવ્યા હતા.

123. સ્તુપ એટલે નાના ગુંબજ આકારનું (અંડાકાર) સ્થાપત્ય સ્તૂપની મધ્યમાં બુદ્ધના અવશેષોને દાબડામાં રાખવામાં આવતા. બૌદ્ધ સાધુઓ આ સ્થળે ધ્યાન ધરતા. ચૈત્યો એટલે પ્રાર્થનાગૃહો. ચેત્યોને ગુફાની જેમ પર્વત કોતરીને બનાવવામાં આવતા. ચેત્યોમાં ગુફામાં જ હારબંધ સ્તંભો, દરવાજા, વિશાળ પ્રાર્થનામંડપ વગેરે કોતરવામાં આવતાં, ચૈત્યોનો ઉપયોગ પ્રાર્થનાગૃહ' તરીકે કરવામાં આવતો.

124. પ્રાચીન ભારતની કલાને ઇતિકાસ કારો બે ભાગમાં વહેંચે છે. : (1) લલિત કલા અને (2) નિદર્શન કલા, લલિત ક્લામાં ચિત્ર, સાહિત્ય, સ્થાપત્ય, સંગીત, માટીલા વગેરેનો સમાવેશ થાય છે; જ્યારે નિદર્શન કક્ષામાં નૃત્ય અને નાટકનો સમાવેશ થાય છે.

BHAVDIP VADHER

125. બૌદ્ધધર્મના મૂળ ગ્રંથોને 'ત્રિપિટ્ક' કહેવામાં આવે છે. જૈનધર્મના ગ્રંથોને આગમગ્રંથો' કહેવામાં આવે છે.
બૌદ્ધધર્મના ગ્રંથો : 'સૂત્ત(સૂત્ર)પિટ્ક', 'વિનયપિટ્ક' ,"અભિધમ્મ-પિટ્ક', 'દિધનિકાય', 'અંગુત્તરનિકાય', 'મજ્જિમનિકાય', 'જાતકકથાઓ', 'મિલિન્દ પાડો' વગેરે.
જૈનધર્મના ગ્રંથો : જૈનધર્મનું પ્રાચીન સાહિત્ય 14 પર્વ અને 12 અંગમાં વહેંચાયેલું છે. આ ધર્મના મુખ્ય ગ્રંથોમાં 'આગમો','આચારઅંગ' અને 'વૈતાલિક દશાવૈતાલિક સૂત્ર'નો સમાવેશ થાય છે.

126. ભારતમાં સૌથી જૂનાં 500 કરતાં વધારે આદિમાનવનાં ચિત્રો મધ્ય પ્રદેશના ભીમબેટકામાંથી મળી આવ્યાં છે. આ સિવાય,અજંતા-ઈલોરાની, અમરાવતીની અને બાંધની ગુફાઓમાંથી મોટી સંખ્યામાં ચિત્રો મળી આવ્યાં છે. અર્જતા - ઈલોરાનાં જગવિખ્યાત ચિત્રોમાં બુદ્ધની જાતકકથાઓને અને બુદ્ધની સાધનાને વ્યક્ત કરવામાં આવી છે. પદ્મપાણિનું વિશ્વવિખ્યાત ચિત્ર ભારતીય સંસ્કૃતિનું ઘરેણું છે.

127. બૌદ્ધગ્રંથો : (1) ત્રિપિટ્ક (2) દિધનિકાય (3) મિલિન્દ પાન્હો (4) અંગુત્તર – નિકાય
જૈનગ્રંથો : (1) આચારસંગ (2) આગમો (3) વૈતાલિક દશાર્વતાલિક સૂત્ર
સંગમ સાહિત્ય : (1) શિલપ્પદિકારમ્ (2) મણિમેખલાઈ

128. પુરાણો :(1) વાયુપુરાણ (2) મત્સ્યપુરાણ (3) વિષ્ણુપુરાણ
ઉપનિષદો :(i) માંડુક્ય (2) ઈશાવાસ્યમ્ (3) કઠ(4) મુંડક સ્મૃર્તિઓ
સ્મૃતિઓ : (1) મનુસ્મુર્તિ (2) યજ્ઞવલ્કય (3) નારદસ્મૂર્તિ

129. પ્રાચીન સમયમાં ભારત વિદેશો સાથે વેપાર-વાણિજ્યમાં મોખરે હતું. એ સમયમાં દેશ-વિદેશ સાથેનો વેપાર જમીન માર્ગે અને સમુદ્ર માર્ગે થતો હતો. મરીમસાલા, મણકા, કીમતી પથ્થરો, સુતરાઉ કાપડ, રેશમી કાપડ, તેજાના અને ઇમારતી લાકડાંની ભારતમાંથી નિકાસ થતી હતી; જ્યારે સોના અને ચાંદીની દેશમાં આયાત થતી હતી. પ્રાચીન ભારતનો વેપાર સ્થળ માર્ગે મધ્ય એશિયા થઈને યુરોપ સુધી થતો હતો. ખંભાત, ભરૂચ, સોપારા અને તામ્રલિપ્તિ જેવાં આંતરરાષ્ટ્રીય બંદરોથી વિશ્વના પૂર્વ અને પશ્ચિમ ભાગમાં દરિયાઈ માર્ગે વેપાર થતો હતો. ચીનના કેટલાક લોકો જે માર્ગે રેશમી કાપડ સાથે લઈને પગપાળા કે પશુઓ સાથે વેપાર કરતા તે માર્ગ રેશમ માર્ગ (Silk route) તરીકે જાણીતો બન્યો હતો.

130. જે સાહિત્યનું વિષયવસ્તુ ધર્મની બહારનું હોય તેવા સાહિત્યને ધર્મેતર સાહિત્ય કહેવામાં આવે છે. તેમાં કાવ્યો, નાટકો,પ્રશસ્તિઓ, વ્યાકરણ ગ્રંથો અને સ્મૃતિઓનો સમાવેશ થાય છે.
(1) સ્મૃતિગ્રંથો : મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કય સ્મૃતિ, નારદસ્મૃતિ વગેરે જાણીતા સ્મૃતિગ્રંથો છે.
(2) નાટકો અને મહાકાવ્યો : અભિજ્ઞાનશાકુંતલમ્, રઘુવંશમ્,મેઘદૂતમ્, કિરાતાજુનીયમ, સ્વપ્નવાસવદત્તમ, મૃચ્છકટિકમ્ વગેરે સંસ્કૃત ભાષાનાં પ્રખ્યાત નાટકો અને મહાકાવ્યો છે.
(3) સંગમ સાહિત્ય : દક્ષિણ ભારતનું વિશિષ્ટ સાહિત્ય સંગમ સાહિત્ય કહેવાય છે. તેમાં શિલપ્પદિકારમ અને મણિમેખલાઈ નામનાં વીરકાવ્યો મુખ્ય છે. મહાન વ્યાકરણશાસ્ત્રી પાણિનિએ 'અષ્ટાધ્યાયી' નામના વ્યાકરણ ગ્રંથની રચના કરી હતી.ગુપ્તકાળમાં રાજાઓનાં પ્રશસ્તિ કાવ્યો રચાયાં હતાં. તેમાં હરિષેણરચિત 'પ્રયાગ-પ્રશસ્તિ' અને બાણભટ્ટરચિત 'હર્ષચરિતમ્' મુખ્ય છે.

131. પ્રાચીન ભારતનાં સ્થાપત્યોની શરૂઆત હડપ્પા સભ્યતાની નગરરચના, અનાજનો કોઠાર, સ્નાનાગાર, ગટર -આયોજન, જાહેર રસ્તાઓ વગેરેના બાંધકામથી થાય છે. આપણાં પ્રાચીન સ્થાપત્યો ઇજનેરી કળાના ઉત્તમ નમૂના છે. તેમાં ગુફા-સ્થાપત્ય, મંદિર-સ્થાપત્ય અને મહેલોના સ્થાપત્યનો સમાવેશ થાય છે.
(1) ગુફા-સ્થાપત્યો : ગુફા-સ્થાપત્યોમાં બારબારની પહાડીઓ, નાસિકનાં ગુફાશિલ્પો, અજેતા - ઈલોરા અને અમરાવતીનાં ગુફાશિલ્પોનો સમાવેશ થાય છે.
(2) શિલ્પકલા : ગ્રીક અને ભારતીય કલાશૈલીનો સંગમ ભારતીય શિલ્પકલાના બે પ્રકાર હતા : 1. ગાંધાર કલા અને 2. મથુરકલા સંપૂર્ણ ભારતીય કલા.
(3) સ્તૂપો અને વિહારો : બૌદ્ધધર્મનાં સ્થાપત્યોમાં સ્તૂપો, ચૈત્યો અને વિહારોનો સમાવેશ થાય છે. સ્તૂપો અને ચૈત્યો ધ્યાન અને પ્રાર્થના માટે હતાં; જ્યારે વિહારો જૈનધર્મ અને બૌદ્ધધર્મના સાધુઓને રહેવા માટે હતા.

132. પ્રાચીન સમયમાં ભારતમાં ખેતી માટે લોખંડના વિવિધ ઓજારો અને સિંચાઈની વ્યવસ્થા હતી. પ્રાચીન સમયમાં ઘઉં, જવ, ડાંગર, જુવાર, બાજરી, તલ, વટાણા વગેરેની ખેતી થતી હતી. આશરે 2500 વર્ષ પહેલાંના સમયથી ભારતમાં ખેતીમાં લોખંડનાં ઓજારોનો ઉપયોગ થતો હતો. તેમાં કુહાડી, દાતરડું, હળનાં ફણાં વગેરેનો સમાવેશ થાય છે. આ સમયે સિંચાઈ માટે નહેરો, કૂવા, તળાવો તથા કૃત્રિમ જળાશયો બનાવવામાં આવતાં.

BHAVDIP VADHER

133. પ્રાચીન સમયમાં ગ્રામીણ જીવન અને નગરજીવન ઉત્તર ભારત અને દક્ષિણ ભારતમાં નીચે પ્રમાણે જોવા મળતું હતું :
(1) ઉત્તર ભારતમાં ગામનો વડો ગ્રામભોજ કહેવાતો. આપદ વંશપરંપરાગત હતું.(2) દક્ષિણ ભારતમાં ત્રણ પ્રકારના લોકો રહેતા હતા : 1. મોટા જમીનદારો, 2. નાના ખેડૂતો અને 3. જમીનવિહોણા મજૂરો (દાસ).(3) આ સમયે મોટા ભાગનાં શહેરી રાજધાનીનાં સ્થળો હતાં. તેની ચારે બાજુ કિલ્લેબંધી હતી. શહેરોમાં શૌચાલયની નીક અને કચરાપેટી માટે કુવા બનાવવામાં આવતા, જેને 'વલયક્ષ" કહેવામાં આવતો. (4) ગ્રામીણ અને નગરના લોકો ખોરાકમાં ઘઉં, જવ, ચોખા, દૂધ, દહીં, ઘી, ફળફળાદિ, માંસ-માછલીનો ઉપયોગ કરતા.(5) સ્ત્રીઓ અને પુરુષો સામાન્ય રીતે બે વસ્ત્રો પહેરતાં શરીરના ઉપર ભાગનું વસ્ત્ર 'વાસ' કહેવાતું, જ્યારે શરીરના નીચેના ભાગનું વસ્ત્ર નિવિ' કહેવાતું. તેઓ ક્યારેક ઉપરના વસ્ત્ર પર દુપટ્ટા જેવું 'અધિવાસ' લપેટતા હતા.

134. ભારતના સૌથી પ્રાચીન ધાર્મિક સાહિત્યમાં વેદોનો સમાવેશ થાય છે. વેદો ચાર છે : (1) ઋગ્વદ, (2) યજુર્વેદ, (3) સામવેદ અને (4) અથર્વવેદ. વેદોને સમજાવવા માટે બ્રાહ્મણ-ગ્રંથો અને આરણ્યકોની રચના કરવામાં આવી, તેમાં શતપથ બ્રાહ્મણ, ગોપથ બ્રાહ્મણ અને બુહદારણ્યક ગ્રંથ મુખ્ય છે. આ સમયે કેટલાંક મહાકાવ્યો, 108 જેટલાં ઉપનિષદો, 18 પુરાણો અને બૌદ્ધધર્મ તથા જૈનધર્મના અનેક ગ્રંથોની રચના થઈ હતી.
ઉપનિષદો : કઠ, કેન, મન, મુંડકે, માંડુક્ય, ઈશાવાસ્યમ્ અને છાંદોગ્ય વગેરે ઉપનિષદો મુખ્ય છે. ઉપનિષદો ભારતીય તત્વજ્ઞાનના ચિંતનના મહાન ગ્રંથો છે.
પુરાણો : વાયુપુરાણ, વિષ્ણુપુરાણ, ગરુડપુરાણ, મત્સ્યપુરાણ, ભાગવતપુરાણ વગેરે વિશિષ્ટ ગ્રંથો તરીકે પ્રખ્યાત થયા છે, પ્રાચીન સમયમાં જૈનધર્મમાં 'આગમગ્રંથો' અને બૌદ્ધધર્મમાં ત્રિપિટક જેવા ગ્રંથોની રચના થઈ હતી.

135. ઈ. સ.ની છઠ્ઠી સાતમી સદીમાં ગુજરાતમાં મૈત્રકવેશનું શાસન હતું. આ સમયે ગુજરાતમાં શિક્ષણના ધામ તરીકે વલભી વિદ્યાપીઠનો વિકાસ થયો હતો. વલભી વિધાપીઠ ભાવનગર પાસેના વલભીપુર પાસે આવેલી હોવાનું મનાય છે. આ સમયે આવેલ ચીન પ્રવાસી યુએન શ્વાંગે વલભી વિદ્યાપીઠની મુલાકાત લીધી હતી, તેણે વલભી વિધાપીઠની ખૂબ પ્રશંસા કરી હતી. પ્રાચીન સમયમાં વલભી વિદ્યાપીઠ એક આધુનિક વિદ્યાપીઠ તરીકે પ્રસિદ્ધ બની હતી. વલભીમાં આધુનિક કક્ષાની શિક્ષણ પદ્ધતિ અમલમાં હતી. અર્લી વિદ્યાર્થીને પ્રવેશ મેળવવા 'પ્રવેશિકા' નામની લેખિત પરીક્ષા આપવી પડતી હતી. લેખિત પરીક્ષા આપ્યા પછી વિદ્યાર્થીને આચાર્યો સાથે રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવતો. ત્યાર પછી જ યોગ્યતાના ધોરણે તેને વિદ્યાપીઠમાં પ્રવેશ માપવામાં આવતો. વલભી વિદ્યાપીઠમાં હિંદુ, બૌદ્ધ અને જૈન એમ ત્રણેય ધર્મોનાં ચિતન તેમજ જ્યોતિષ અને ખગોળનું શિક્ષણ આપવામાં આવતું હતું. વલભી વિદ્યાપીઠ તેની વિશિષ્ટ શિક્ષણ પ્રણાલીને કારણે ભારત અને વિશ્વમાં પ્રસિદ્ધ બની હતી. તે ખરેખર, આંતરરાષ્ટ્રીય વિદ્યાપીઠ હતી.

136. ભારતના સૌથી પ્રાચીન ધાર્મિક સાહિત્યમાં વેદોનો સમાવેશ થાય છે. વેદો ચાર છે : (1) ઋગ્વદ, (2) યજુર્વેદ, (3) સામવેદ અને (4) અથર્વવેદ. વેદોને સમજાવવા માટે બ્રાહ્મણ-ગ્રંથો અને આરણ્યકોની રચના કરવામાં આવી, તેમાં શતપથ બ્રાહ્મણ, ગોપથ બ્રાહ્મણ અને બુહદારણ્યક ગ્રંથ મુખ્ય છે. આ સમયે કેટલાંક મહાકાવ્યો, 108 જેટલાં ઉપનિષદો, 18 પુરાણો અને બૌદ્ધધર્મ તથા જૈનધર્મના અનેક ગ્રંથોની રચના થઈ હતી.
ઉપનિષદો : કઠ, કેન, મન, મુંડકે, માંડુક્ય, ઈશાવાસ્યમ્ અને છાંદોગ્ય વગેરે ઉપનિષદો મુખ્ય છે. ઉપનિષદો ભારતીય તત્વજ્ઞાનના ચિંતનના મહાન ગ્રંથો છે.
પુરાણો : વાયુપુરાણ, વિષ્ણુપુરાણ, ગરુડપુરાણ, મત્સ્યપુરાણ, ભાગવતપુરાણ વગેરે વિશિષ્ટ ગ્રંથો તરીકે પ્રખ્યાત થયા છે, પ્રાચીન સમયમાં જૈનધર્મમાં 'આગમગ્રંથો' અને બૌદ્ધધર્મમાં ત્રિપિટક જેવા ગ્રંથોની રચના થઈ હતી.

137. ઈ. સ.ની છઠ્ઠી સાતમી સદીમાં ગુજરાતમાં મૈત્રકવેશનું શાસન હતું. આ સમયે ગુજરાતમાં શિક્ષણના ધામ તરીકે વલભી વિદ્યાપીઠનો વિકાસ થયો હતો. વલભી વિધાપીઠ ભાવનગર પાસેના વલભીપુર પાસે આવેલી હોવાનું મનાય છે. આ સમયે આવેલ ચીન પ્રવાસી યુએન શ્વાંગે વલભી વિદ્યાપીઠની મુલાકાત લીધી હતી, તેણે વલભી વિધાપીઠની ખૂબ પ્રશંસા કરી હતી. પ્રાચીન સમયમાં વલભી વિદ્યાપીઠ એક આધુનિક વિદ્યાપીઠ તરીકે પ્રસિદ્ધ બની હતી. વલભીમાં આધુનિક કક્ષાની શિક્ષણ પદ્ધતિ અમલમાં હતી. અર્લી વિદ્યાર્થીને પ્રવેશ મેળવવા 'પ્રવેશિકા' નામની લેખિત પરીક્ષા આપવી પડતી હતી. લેખિત પરીક્ષા આપ્યા પછી વિદ્યાર્થીને આચાર્યો સાથે રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવતો. ત્યાર પછી જ યોગ્યતાના ધોરણે તેને વિદ્યાપીઠમાં પ્રવેશ માપવામાં આવતો. વલભી વિદ્યાપીઠમાં હિંદુ, બૌદ્ધ અને જૈન એમ ત્રણેય ધર્મોનાં ચિતન તેમજ જ્યોતિષ અને ખગોળનું શિક્ષણ આપવામાં આવતું હતું. વલભી વિદ્યાપીઠ તેની વિશિષ્ટ શિક્ષણ પ્રણાલીને કારણે ભારત અને વિશ્વમાં પ્રસિદ્ધ બની હતી. તે ખરેખર, આંતરરાષ્ટ્રીય વિદ્યાપીઠ હતી.

BHAVDIP VADHER